# હેલ્થ અને ક્લાયમેટ સચવાય તો જ ખરા અર્થમાં વિકાસ થયો ગણાય



આ મુદ્દા પર ડિસ્કશન થશે : માઇગ્રેશન । ડેવલપમેન્ટ । સોશિયલ પોલિસી (નરેગા) । ગવર્મેન્ટના હેલ્થ પ્રોગ્રામ । ઇમ્પેક્ટ ઓફ પ્રોગ્રામ

**● આઈઆઈટી-ગાંધીનગર ખાતે એક મહિનો ચાલનારા વર્કશોપમાં દેશના નિષ્ણાતો વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે**

**અમદાવાદ : ૧૭ મે ૨૦૧૫**

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ગાંધીનગર (આઈઆઈટી-જીએન) ખાતે એક મહિના માટેના સમર ઈન્સ્ટિટ્યૂટ ઓન ગ્લોબલ હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભારતના હેલ્થ સોશિયલ સાયન્ટિસ્ટ, ફાર્માસિસ્ટ, બાયો એન્જિનિયર્સ, પીએચડીના સ્ટુડન્ટ્સ વગેરે મળીને કુલ ૪૫ પાર્ટિસિપટન્સ જોડાયા છે. આઈઆઈટી દ્વારા પહેલીવાર આ સેમિનાર માટે કેનેડાની યુનિવર્સિટી સાથે કોલોબ્રેશન કરવામાં આવ્યું છે. એક મહિના દરમિયાન ચાલનારા આ વર્કશોપમાં ગ્લોબલ હેલ્થ પર ફોકસ કરવામાં આવશે. સોશિયલ સાયન્સના એંગલથી હેલ્થ વિષય પર ડિસ્કશન કરવામાં આવશે. સરકારની વિવિધ યોજનાઓ જેમ કે નરેગા વગેરે યોજનાઓની સોશિયલ ઈમ્પેક્ટ અને તેની અસરો વિશે પણ અહીં ડિસ્કશન થશે.

પ્રોગ્રામ વિશે માહિતી આપતાં પ્રો. તનિષ્ઠા સમન્વા કહે છે કે, ભારતમાં પહેલીવાર આ પ્રકારનો વર્કશોપ આઈઆટી દ્વારા કરવામાં આવી રહ્યો છે. જેમાં ભારતના વિવિધ શહેરોમાંથી ૪૫ પાર્ટિસિપટન્સ જોડાયા છે. અમે મુખ્ય ગ્લોબલ હેલ્થને ફોકસમાં રાખીશું. આ સબ્જેક્ટને અહીં સોશિયલ સાયન્સની રીતે ડિસ્કસ કરવામાં આવશે.